Extra No. 190

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, JULY 16, 2026 / ASADHA 25, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ

વંચાણમાં લીધું :-

- સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરના પત્ર નં.એમ.એ.જી/વશી/૪૭૫/૨૦૨૬ તા. ૧૩/૦૭/૨૦૨૬

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો કલમ ૧૯૮૯ ની નિયમ ૨૦૭ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૦૪૦૮ થી ૧૦૪૭૪/૨૦૨૬.- આગામી તારીખ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ અષાઢી બીજ તહેવાર નિમિતે સિધ્ધપુર શહેરમાં યોજાનાર રથયાત્રા ગોવિંદરાયજી-માધવરાયજી મંદિરેથી નીકળી સિધ્ધપુર શહેરમાં જાહેરમાર્ગો પૈકી શ્રી ગોવિંદમાધવનો મહાડ - પોરીપોળ - ખારપાડો મંડી બજાર નીશાળ ચકલા - પથ્થર પોળ- છુવારાફળી - અલવાનો ચકલો - વેદવાડો - તુલસીપુરા-કાળાભટ્ટનો મહાડ પસવાદળની પોળ રૂદ્રમહાલય- મહેતા ઓળ દરબારગઢ મંડીબજાર - ધર્મચકલા થઈ નદીના પટમાં જશે અને નદીના પટાંગણમાં શ્રીજીના પાદુકા પુજનનો કાર્યક્રમ પુર્ણ થયેથી આરતી બાદ પરત ગોવિંદરાયજી-માધવરાયજી મંદિરે પરત જશે. રથયાત્રાના દિવસે ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તેના ભાગરૂપે તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ રાત્રે ૦૩:૦૦ કલાક થી તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૦:૦૦ કલાક સુધી સિધ્ધપુર શહેરમાં રથયાત્રાના ઉકત રૂટ ઉપર નો પાર્કીંગ ઝોન લગત જાહેરનામું પ્રસિધ્ધ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરએ સંદર્ભદર્શિત પત્રથી દરખાસ્ત કરેલ છે.

આમ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અન્વયે મને મળેલ સત્તાની રુએ, હું ડૉ. પ્રશાંત જીલોવા, જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ તારીખ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ અષાઢી બીજ તહેવાર નિમિતે સિધ્ધપુર Pશહેરમાં યોજાનાર રથયાત્રાના રૂટ શ્રી ગોવિંદમાધવનો મહાડ પોરીપોળ - ખારપાડો - મંડી બજાર નીશાળ ચકલા પથ્થર પોળ- છુવારાફળી - અલવાનો ચકલો - વેદવાડો - તુલસીપુરા -કાળાભટ્ટનો મહાડ -પસવાદળની પોળ - રૂદ્રમહાલય- મહેતા ઓળ દરબારગઢ મંડીબજાર ધર્મચકલા નદીના પટ શ્રી ગોવિંદરાયજી-માધવરાયજી મંદિરના વિસ્તારોને તા.૧૬/૦૭/૨૦૨૬ના બપોરના ૧૨-૦૦ કલાક થી રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી “નો-પાર્કિંગ ઝોન” તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: અમલવારીનો સમયગાળો ::-

આ જાહેરનામું તા.૧૬/૦૭/૨૦૨૬ના બપોરના ૧૨-૦૦ કલાક થી રાત્રીના ૧૨-૦૦ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ઉક્ત વિગત મુજબ રથયાત્રા રૂટમાં આવતા વિસ્તારોમાં "નો-પાર્કીંગ" અંગેના બોર્ડ જે તે સ્થળોએ નગરપાલિકા/ પોલીસ વિભાગ દ્વારા મુકવાના રહેશે.

આજ રોજ તારીખ ૨૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

ડૉ. પ્રશાંત જીલોવા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 13:47:32 IST